કામનું નામ : Hire charges for Laying of Asphalt painting for works to be carried out under Chiloda Govt. Hot Mix Plant as and when required on various roads work.

## : ઠેકેદારશ્રીએ ટેન્ડર ભરવા માટેની ખાસ શરતો :

(૧) આ ટેન્ડરમાં જણાવેલ મશીનરીની માલીકી/ભાડા કરાર ના પુરાવા Details About tender મુજબ ઓન લાઈન રજુ કરવાના રહેશે. રજુ કરનાર ઈજારદાર જ પાત્રતા ધરાવશે.

(૨) ચાલુ કામ દરમ્યાન ઠેકેદારશ્રીના મશીનરી થકી કે રસ્તામાં કોઈ વાહન અકસ્માત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઠેકેદારશ્રીની અંગત રહેશે તથા ખાતાને મીક્ષ મટીરીયલ્સના નુકશાન કે અન્ય રીતે સમયસરની કામગીરીમાં ઢીલ થવાથી તથા તેને લીધે ઉપસ્થિત થનાર અન્ય નુકશાનની જવાબદારી એજન્સીની રહેશે તથા આ નુકશાની બાબતે ખાતાનો નિર્ણય આખરી રહેશે.

(૩) ઠેકેદારશ્રીએ સરકારશ્રીના લઘુતમ વેતન ધારાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને તે મુજબ ડ્રાઈવર હેલ્પરો વગેરે/ કામદારોને ચુકવણું કરવાનું રહેશે. જો ડ્રાઈવર અથવા અન્ય કોઈ ધ્વારા કોર્ટ કેસ કરવામાં આવશે તો તે અંગેની સઘળી જવાબદારી ઠેકેદારશ્રીની રહેશે.

(૪) હોંટ મીક્ષ પ્લાન્ટ પર યાંત્રિક ખામીને કારણે કે અન્ય કોઈ વહીવટી મુશ્કેલીને કારણે પ્લાન્ટ બંધ રહેવા પામે તો મશીનરી વપરાશ ન થઈ શકવા બાબતે ઠેકેદારશ્રીએ રોકેલા મશીનરી માટે કોઈ વધારાનું વળતર મળવાપાત્ર રહેશે નહી.

(૫) ઠેકેદારશ્રીએ કામ ઉપર રાખેલ દરેક ડ્રાઈવર ઓપરેટર ના મોટર ધારા હેઠળના "હેવી વ્હીકલ" લાયસન્સવાળા રોકવાના રહેશે તથા કાર્યરત રહે

તે માટેની સંપુર્ણ જવાબદારી રહેશે તથા સારી વર્તણુંકવાળા, સારી શારીરિક ક્ષમતાવાળા તથા તંદુરસ્ત રાખવાના રહેશે તથા કેફી વ્યસન ધરાવતા ન હોવા જોઈએ.

(૬) ઠેકેદારશ્રીએ મશીનરી પર રાખેલ ડ્રાઈવર ઓપરેટર હેલ્પરો વગેરે માટે હેલ્થ ઈન્સ્યુરન્સ, અકસ્માત વિમો વિગેરે મેળવવાનો રહેશે તેમજ વાહનનો પણ વિમો કાર્યરત રહે તે માટેની સંપુર્ણ જવાબદાર રહેશે.

(૭) મશીનરી ઉપર રાખેલ ડ્રાઈવરો હેલ્પર તથા કામદારોના લાગુ પડતા દરે લઘુતમ વેતન / ઈપીએફ / ઈન્સ્યુરન્સ કે અન્ય ભથ્થા અંગેની સઘળી જવાબદારી એજન્સીની રહેશે.

(૮) મશીનરી ઉપર રાખેલ મશીનરીમાં કોઈ પેસેન્જર બેસાડી શકાશે નહી અને રસ્તામાં ગેરકાયદેસર પેસેન્જર વહન કરતા પકડાશે તથા સક્ષમ સત્તાધીશ તરફથી થયેલ પેનલ્ટી / દંડ કેસના અકસ્માત વખતનું જોખમ કે કોર્ટ કેસ તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

(૯) ખાતાના સંબંધિત અધિકારીઓની સુચના મુજબ જરૂરીયાત પ્રમાણે તાત્કાલિક મશીનરી/વાહનો પુરા પાડવાના રહેશે.

(૧૦) ટેન્ડરમાં જણાવેલ કામગીરી અંદાજી છે જેની કામગીરી વિભાગ પાસે ઉપલબ્ધ કાર્યભારણ અનુસાર ઓછા કે વધુ જથ્થામાં કરવાનો થાય તો સમયમર્યાદામાં કામગીરી સૂચના મુજબ કરવાની રહેશે. મશીનરી આઈડલ કે મશીનરી ની ક્ષમતા પ્રમાણે વકીગ ન થવા પામે તા નુકશાન અંગે કોઈ વાંધા સ્વીકાર્ય ગણાશે નહી.

(૧૧) ટેન્ડરમાં દર્શાવેલ જથ્થાનું ટેન્ડર સમયમર્યાદામાં કામગીરી જરૂરીયાત મુજબ જે તે સમયે જણાવેલ જથ્થા મુજબ માંગણી અન્વયેની મશીનરી પુરી પાડી

સૂચના મુજબ કામગીરી કરવાની રહેશે. તથા ટેન્ડરની સમય મર્યાદામાં કામગીરી ન થવા પામે તો પણ કોઈ વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહિ તથા ટેન્ડર સમયમાં સરકારી મશીનરીનાં ખાતા ધ્વારા ઉપયોગ કરવામાં આવશે પરંતુ આકસ્મિક સંજોગોમાં જ ખાતું જરૂરીયાત ધ્યાને લઈ મશીનરી ટેન્ડર મુજબ ભાડે લેવામાં આવશે જે એજન્સીને બંધનકર્તા રહેશે.

(૧૨) યુનિટ રેટ મુજબ થયેલ કામના ચુકવણી વખતે આવકવેરો / લેબરશેષ કે અન્ય વસુલાત ખાતાના વખતોવખતના નિયમોનુસાર બીલમાંથી કપાત કરવામાં આવશે.

(૧૩) ઈજારદારશ્રી કામ પૂર્ણ કરવામાં કે સુચના મુજબ કામગીરી હાથ ધરવામાં નિષ્ફળ જશે ત્યારે ખાતા તરફથી ઈજારદારશ્રીને કાળીયાદીમાં મુકવામાં આવશે.

(૧૪) યુનિટ રેઈટ મળેલ ભાવોમાંથી સૌથી વધુ આઈટમમાં નીચા આવેલ ભાવોવાળી એજન્સી પાસે વાટાઘાટો કરીને યોગ્ય ભાવો મેળવીને ભાવો મંજૂર કરવાનો કે ના મંજૂર કરવાનો ખાતાને હક રહેશે જે ખાતા તરફથી વાટાઘાટો અંગે ભાવ ભરનાર એજન્સીને ખાતાનો નિર્ણય બંધનકર્તા રહેશે અને આ બાબતે કોઈ વાંધો સ્વીકાર્ય ગણાશે નહિ.

ઠેકેદારશ્રીની સહી.

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર.